सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૫/૦૫/૨૦૨૬. | | |
| ફેસલ તારીખ | ૨૯/૦૫/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી પરચુરણ અરજી નં.૬૬૨/૨૦૨૬.
આંક-૫.

**સુમિત ઉર્ફે સન્ની રાવતભાઈ દેથડીયા,**
ઉ.વ. ૩૫, ધંધો : ડ્રાઈવીંગ,
રહે.જય મુરલીધર, હુડકો પોલીસ ચોકી પાછળ,
ક્રિષ્ના ચોક પાસે, પુજા પાર્ક, શેરી નં.૨,
કોઠારીયા રોડ, રાજકોટ,
હાલ : જીલ્લા જેલ, જામનગર. :: અરજદાર.

**વિરુદ્ધ**

**શ્રી સરકાર,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
જામનગર. :: સામાવાળા.

બાબત : બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ જામીન અરજી.

અરજદાર તરફે વિ.વ. શ્રી આર.એમ. વાઘેલા.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી.

-:: **ચુકાદો** ::-

**૧.** અરજદારે બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

**૨.** અરજદારોની અરજીની ટૂંકમા વિગત એવી છે કે, કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન, ગુ.ર. નં.૧૧૨૦૨૦૫૬૨૩૦૮૮૮/૨૦૨૩, પ્રોહીબીશન એકટ કલમ-૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબનાં ગુન્હાનાં કામે તેઓને અટક કરવામા આવેલ છે અને હાલ જયુડિશિયલ કસ્ટડીમા હોવાથી જામીન ઉપર મુકત થવા માટે બી.એન.એસ.એસ. કલમ -૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામા આવેલી છે.

**૩.** અરજી દાખલ થતાં સરકારશ્રીને નોટીસ કરવામા આવતા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી હાજર થયેલા છે.

**૪.** અરજદારનાં વિ.વ. શ્રીની મુખ્યત્વે રજુઆત છે કે, અરજદાર વિરુદ્ધ નોંધાયેલ ગુન્હો ટ્રાયેબલ બાય જે.એમ.એફ.સી. છે અને તેમા સજાની જોગવાઈ વધુમા વધુ ૧૦ વર્ષની છે. અરજદાર ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે, પોતાનાં કુટુંબ, પરીવારનો આધાર તેઓ ઉપર છે. તેઓ કાયમી રીતે ઉપરોકત સરનામે વસવાટ કરે છે, કયાંય નાશી, ભાગી જાય તેમ નથી અને ટ્રાયલનાં તબકકે તેઓની હાજરી સુનિશ્ચિત કરી શકાય તેમ છે. આ કામનું ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે, તેથી પુરાવા સાથે ચેડા થવાનો કોઈ પ્રશ્ન નથી. તેથી, અરજદારની જામીન અરજી મંજુર કરવા અરજ કરેલી છે.

**૫.** વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદીએ મુખ્યત્વે દલીલ કરેલી છે કે, અરજદારે આર્થિક લાભ મેળવવા માટે અસામાજીક પ્રવૃત્તિ કરેલી છે. આ કામનાં અરજદાર લાંબા સમયથી નાસતા ફરતા હોય, તેઓ વિરુદ્ધ ક્રિ.પ્રો. કોડ કલમ-૭૦ મુજબનું વોરંટ ઈસ્યુ થયેલ છે. અરજદાર અગાઉ પણ ઈંગ્લીશ દારૂનાં જથ્થા સાથે પકડાયેલ હતાં, તેથી તેઓ ગુન્હાહીત ઈતિહાસ ધરાવે છે અને આ કામનાં અન્ય આરોપીને પકડવાનાં બાકી છે. તેથી, અરજદાર

ને જામીન મુકત કરવામા આવશે તો, આ જ પ્રકારનાં ગુન્હા કરવા પ્રેરાશે. તેથી, હાલની જામીન અરજી રદ કરવા અરજ કરેલી છે.

**૬.** બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની રજુઆતો સાંભળી, પોલીસ તપાસનાં કાગળો વંચાણે લીધા તથા તપાસનીશ અમલદારનું સોગંદનામુ પણ વંચાણે લીધુ.

**૭.** સૌપ્રથમ આ ગુન્હાનાં કામે આરોપી વિરુદ્ધનાં આક્ષેપિત ગુન્હાની ટૂંકમા હકીકત ધ્યાને લેવામા આવે તો, આ કામનાં સહઆરોપીની વાડીની ઓરડી તથા થોડે આગળ પડેલ થાર ગાડીમાથી કુલ ૧૮૬૦ ઇંગ્લીશ દારૂ ની બોટલ કિંમત રૂા.૯,૩૦,૦૦૦/– નાં મુદ્દામાલ સાથે સહઆરોપીઓ મળી આવેલા હોવાનો અને તેઓને હાલનાં અરજદારે દારૂનો જથ્થો પુરો પાડેલો હોવાનાં આક્ષેપ છે.

**૮.** આ કામનાં અરજદાર રાજકોટનાં કાયમી વતની છે તેવી હકીકત જોતા તેઓ કયાંય નાશી, ભાગી જાય તેમ નથી અને તેઓની ટ્રાયલનાં તબકકે હાજરી સુનિશ્ચિત બની રહેશે તેમ જણાઇ આવે છે. આ કામનું ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે. તેથી, પુરાવા સાથે ચેડા થવાનો કોઇ પ્રશ્ન નથી.

**૯.** આરોપી વિરુદ્ધનાં આક્ષેપીત ગુન્હાઓ જોતા ગુન્હાની ટ્રાયલ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સમક્ષ ચાલવાપાત્ર હોવાનું જણાઇ આવે છે. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતોની પેન્ડન્સીને જોતા આવી ટ્રાયલ ચાલતા લાંબો સમય જશે તે એક સ્વાભાવિક બાબત જણાય છે. તેથી પણ અરજદારને જયુડિશિયલ કસ્ટડીમા રાખવાથી કાયદાનો કોઇ ચોકકસ હેતુ બર આવે તેમ જણાઇ આવતુ નથી.

**૧૦.** અરજદાર વિરુદ્ધનો આક્ષેપિત ગુન્હો, ગુન્હાની ગંભીરતા, ગુન્હા સબંધે સજાની જોગવાઇ, ગુન્હા સબંધેની ભૂમિકા જેવા મુદ્દાઓને ધ્યાને લેતા તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટનાં (૨૦૨૧)૧૦ એસ.સી.સી. ૭૭૩, સત્યેન્દ્ર કુમાર અન્ટીલ વિરુધ્ધ સી.બી.આઇ.**નાં ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતે ઘણા બધા નામદાર સુપ્રિમ કોર્ટનાં તથા નામદાર હાઇકોર્ટોનાં ચુકાદાઓ ધ્યાને લઇ નોંધેલ છે કે, જામીન આપવાનો આશય આરોપીઓ ટ્રાયલ વખતે હાજર રહેશે તે જોવાનો છે. જામીન અંગેનાં હુકમો શિક્ષાત્મક હોતા નથી અને વ્યકિતગત સ્વતંત્રતાને છીનવી લેવામા આવે તે પણ એક સજા છે. આરોપી જયાં સુધી કસુરવાર ના ઠરે ત્યાં સુધી નિર્દોષ માનવો જોઇએ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે.

**૧૧.** આ કામનું રેકર્ડ તપાસતા અરજદાર વિરુદ્ધ અગાઉ પણ આ જ પ્રકારનાં ૪ અને એક લૂંટનો ગુન્હો નોંધાયેલા છે. તેથી, આવા તમામ સંજોગોમા અરજદારને કડક શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાઇ આવે છે. તેથી, ન્યાયનાં હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

**૧.** અરજદારની જામીન અરજી નીચેની શરતોને મંજુર કરવામા આવે છે.

**-:: <u>શરતો</u> ::-**

**૧.** અરજદારે રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નાં એક એવા કુલ બે જે પૈકી એક જામનગરનાં લોકલ તથા એક અન્ય જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા આપવાનાં રહેશે.

**૨.** અરજદારે ટ્રાયલ પૂર્ણ થતાં સુધી (ટ્રાયલનાં કામે હાજર રહેવા સિવાય) જામનગરની રેવન્યુ હદમા પ્રવેશ કરવો નહીં.

**૩.** અરજદારે પોતાનું સરનામુ અને મોબાઇલ નંબર જામીન આપતી વખતે રજુ કરવાનાં રહેશે અને આ સરનામુ તથા મોબાઇલ નંબર વિ.ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર બદલી શકાશે નહીં.

**૪.** અરજદાર નાશી, ભાગી જશે નહીં, ટ્રાયલ વખતે નિયમિત હાજર રહેશે, પુરતો સાથ સહકાર આપશે અને કોઇ સંજોગોમા તેઓ કોર્ટ સમક્ષ હાજર ના રહી શકે તો, તેઓની ગેરહાજરીમા વકિલશ્રીને કેસ ચલાવવાની સત્તા આપશે.

**૫.** અરજદાર પ્રત્યક્ષ કે પરોક્ષરીતે કોઇ ધાકધમકી આપી અથવા તો, પ્રલોભન આપી અથવા તો, કોઇપણરીતે ફરીયાદ પક્ષનાં સાહેદો ને ફોડવાનો પ્રયત્ન કરવો નહીં કે પોલીસને તથા કોર્ટને ખરી હકીકત જણાવશે રોકશે, રોકાવશે નહીં.

**૬.** ટ્રાયલ પૂર્ણ થતાં સુધી અરજદારે વિ.ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

**૭.** આ કામની ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી અરજદારે દર અંગ્રેજી માસ ની પહેલીથી ત્રિજી તથા પંદરમીથી અઢારમી તારીખ સુધીમા (એમ મહિનામા બે વખત) સબંધીત પોલીસ સ્ટેશનમા નિયમિત હાજરી પુરાવવાની રહેશે. (સદર શરતનાં પાલન માટે શરત નં.ર માથી મુકિત આપવામા આવે છે.)

**૮.** અરજદારે આવા કે અન્ય પ્રકારનાં ગુન્હા ભવિષ્યમા આચરવા નહીં.

**૯.** અરજદાર પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે અને જો, પાસપોર્ટ ધરાવતા ના હોય તો, તે અંગેનું જરૂરી સોગંદનામુ કરવાનું રહેશે.

**૧૦.** અરજદારે પોતાની ઓળખ અંગેનાં, હાલનાં તેમજ કાયમી સરનામા અંગેનાં દસ્તાવેજી પુરાવા જામીન આપતી વખતે રજુ કરવાનાં રહેશે તથા ઇન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતની પૂર્વ મંજૂરી સિવાય સરનામુ બદલી શકાશે નહીં.

**૨. ઉપરોકત કોઈપણ શરતોનો ભંગ કરવામા આવશે કે અરજદાર વિરુદ્ધ હવે પછી કોઇ ગુન્હો દાખલ થાય તો, સરકારશ્રી અરજદારનાં જામીન રદ કરવા માટે અરજી કરી શકશે.**

૩. જામીન સબંધીત કોર્ટમા આપવાના રહેશે અને તે અંગેની જરૂરી યાદી સબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

આ ચુકાદો આજરોજ તા.૨૯મી મે, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલત મા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૨૯/૫/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 29/05/2026 17:05:40 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર